શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૫
અંક : ૫

**Engage on this month**

| | |
|---|---|
| 29-5 | Sanitation verification Survey |
| 1-2 | CSPC-Progress reviw At Amreli and Jafrabad |
| 8 | Planning Meeting AGM and Enterprenuer - model foo |
| 9 | Meeting with CMF |
| 14 | Visit of Women support cell-Rajkot |
| 15-16 | Field visit by Sasakawa |
| 18 | AIC Meeting, Team Meeting, Avirat Board Meeting. |
| 19 | Annual Meet, General Meeting of Mandali |
| 21 | Visit of MACPL-Amreli |
| 24 | CSPC Proposal Meeting At A'bad |
| 29-17 | TISS Counceller Training - Mumbai |

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

## હવામાન આધારિત વીમો

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર છેલ્લા પાંચ વર્ષથી ખાંભા, જાફરાબાદ, વેરાવળ અને સુત્રાપાડા વિસ્તારમાં ખેડૂતોને વરસાદી વીમો લેવા પ્રોત્સાહીત કરે છે. એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની (એઆઈસી)ની આ પ્રોડકટ ખેડૂતો સુધી લઈ જવામાં સજ્જતાસંઘની સાથી સંસ્થાઓ સહકારમાં રહી છે. હવામાન આધારિત આ વીમાની જાણકારી માટે વિવિધ પ્રવૃતિઓ જેવી કે ખેડૂતોનો વ્યકિતગત સંપર્ક, પત્રિકા/પોસ્ટર, મીટીંગો, જુથચર્ચા, ફીલ્મ/ વીડીયો–શો યોજવા વિગેરે દ્વારા આ વીમા પોલીસી હેઠળ ખેડૂતોને હવામાન આધારિત જોખમો સામે વળતરની માહિતી અપાય છે. આ વીમા યોજના હેઠળ ખેડુતને તેના વિસ્તારમાં ઓછો અનિયમિત અને વધારે વરસાદ થાય તો તેના પાકને થયેલ નુકસાન સામે વળતર મળે છે તેને ઉત્પાદન સાથે કોઈ સંબંધ નથી.

ખેતી મોટે ભાગે વરસાદ આધારિત છે. આવી ઓછા અને અનિયમિત વરસાદ આધારિત

**જીંદગીની સાચી મુડી એ સંસ્કાર છે, જીવનનું સાચું ધન એ સમભાવ છે.**

સુકી ખેતીમાં ખેડૂતોની સૌથી મોટી ચિંતા મોસમ દરમિયાન વરસાદ પુરતો અને સમયસર આવશે કે કેમ એ હોય છે અને સારા વરસાદની આશાએ ખેડૂતો પહેલાથી ઘણો ખર્ચ કરતા હોય છે. આથી વરસાદ ખેંચાવાની સીધી અસર ખેડુતો અને ખેતમજુર પર પડે છે. વરસાદ આધારિત વિસ્તારના ખેડુતો માટે તો આ ખુબ જરૂરી છે કારણ કે લગભગ વરસાદ ઓછો અને અનિયમિત હોય છે. વરસાદી વીમો અનિશ્ચિત વરસાદ સામે રક્ષણ આપે તે માટે ખેડૂત ખાતેદારો આ પોલીસી ખરીદે અને વરસાદના જોખમ સામે રક્ષણ મેળવે તે વાત હતી. જેમ કે વાવણીલાયક વરસાદ ન થયો તો જમીન માવજતમાં થયેલ ખર્ચનુ વળતર, વાવણી પછી વરસાદ ખેંચાતાં બિયારણનું વળ તર તેમજ વધુ વરસાદથી આ જોખમો સામે વળતર, કાપણી/પાક લેવાના સમયે થતા વરસાદથી નુકસાન સામે વળતર વિગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવી હતી અને તે માત્ર ખેડૂત ખાતેદારો કે ભાગીયા પુરતી સિમિત હતી. ઉપર કહયુ તેમ ખેડૂત ખાતેદાર ઉપરાંત જેઓની ખેતી આધારિત આજીવિકા છે તેમને પણ તેની અસર થાય છે તેવા વ્યકિતઓ આ વીમાનો લાભ લઈ શકતા ન હતા.

સંસ્થાની ટીમની સેન્ટર ફોર માઈક્રોફાયનાન્સ સાથેની છેલ્લા ૪ માસની ચર્ચાના અંતે એઆઈસીની એક વીમા પોલીસી તૈયાર કરવામાં આવી જેમાં ખેડૂતો અને ખેતમજુરો બંનેને આવરી લેવા પ્રયાસ કર્યો. તે માટે પ્રયોગાત્મક અને અભ્યાસના ભાગરુપ ખાંભા તાલુકાના ૩૫ થી ૪૦ સ્વસહાય જુથો પસંદ કર્યા કે જેના સભ્યો ખેતી આધારિત આજીવિકા સાથે સંકળાયેલા હોય. મે માસના છેલ્લા અઠવાડીયામાં આ જુથો સાથે એક રમત દ્વારા આ પોલીસીનું વેચાણ થાય તેવુ આયોજન થયુ.





**અપવિત્ર વિચારપણ અપવિત્ર કર્મ જેટલો જ ભયંકર છે.**

## સારા અનુભવોનુ સ્મરણ

જોય અને મેરી નામના બે મિત્રો છે. તેઓ ચાલતા–ચાલતા દરિયા કિનારે જતા હતા. બંને વચ્ચ ઝઘડો થાય છે. જોય મેરીને થપ્પડ મારે છે. તેથી મેરી બીચ પર લખે છે કે જોયે મારી સાથે સારૂ વર્તન કર્યુ નથી અને તે સારો મિત્ર નથી. બંને આગળ વધે છે. એવામા મેરીનો પગ લપસે છે. અને તેણી પાણીમાં પડે છે. અને જોય તેમને મહા મહેનતે ડુબતી બચાવી લે છે. આથી મેરી પથ્થર ઉપર કોતરીને લખે છે કે જોય ખુબ સારો મિત્ર છે અને તેણે મારી જાન બચાવી છે. આથી જોયે પૂછયું કે થપ્પડ વાળી વાત બીચ પર રેતીમાં લખી અને બચાવવાની વાત પથ્થર પર કેમ લખી? તો મેરી જવાબ આપે છે કે નબળી વાત હંમેશા ભુસી નાખવા માટે હોય છે અને સારી વાત હંમેશા યાદ કરવા માટે હોય છે. સારા અને ખરાબ અનુભવો દરેક વ્યકિત સાથે થાય છે. પરંતુ આપણે ખરાબ અનુભવો ભુલવાના છે અને સારા અનુભવોને સાચવવાના છે. સારા અને ખરાબ અનુભવો મિત્રો, સગા–સંબંધીઓ, સહકર્મચારી તથા સંસ્થા સાથે પણ થતા હોય છે. તો આપણે બધાએ ખરાબ અનુભવો ભુસી નાખવા જોઈએ અને સારા અનુભવોને યાદ કરવા જોઈએ.

*(ઉકત ઉદાહરણ સંસ્થાના વાર્ષિક મિલનમાં પ્રા. તળાવીયાએ આપ્યુ હતું.)*

## જાણવા જેવુ.......

- રાષ્ટ્રભાષા અંગ્રેજી ન હોય તેવા દેશોની યાદીમાં અંગ્રેજી ભાષાનો સૌથી વધુ ઉપયોગ ભારતમાં થાય છે.
- ભુસ્તર શાસ્ત્રીઓનુ માનવુ છે કે હજુ પણ પૃથ્વીના પેટાળમાં એકતાલીસ હજાર ટન સોનુ સંગ્રહાયેલુ છે.
- પાંપણનુ મહત્તમ આયુષ્ય પાંચ મહિના હોય છે.
- ભારતમાં ૯૫% લોકો દુધ નથી પીતા.
- ભારતમાં સૌ પ્રથમ ટીવી ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૯ માં આવ્યુ હતુ.
- આઝાદી વખતે ભારતમાં ૫૬૨ રાજયો હતા.
- ઓસ્ટ્રેલીયામાં માણસો કરતા કાંગારૂની સંખ્યા વધારે છે.
- વિશ્વનુ સૌથી વધુ ઝેરી પ્રાણી પોઈઝન એરો ફ્રોગ નામના દેડકા છે.
- હમીંગ બર્ડ પક્ષીની પાંખ સેકંડના ૯૦ વખત ફરકે છે.
- દર વર્ષે પૃથ્વી પર ૧ લાખ ધરતીકંપ થાય છે.
- જંગલોમાં સિંહનુ આયુષ્ય ૧૨ થી ૧૫ વર્ષ હોય છે જયારે માનવ વસ્તીમાં તેનુ આયુષ્ય ૨૫ વર્ષનુ હોય છે.
- કીડીને ગરમ વાતાવરણ અનુકુળ આવે છે.
- પૃથ્વી પર દરેક સેકન્ક પર જન્મતા માનવીના ફકત ૧૦% જ જીવીત રહે છે.

**– ટપક ટીમ**

**કર્મ માનવીના અંતઃકરણની ઓળખ આપનારો અરીસો છે.**

## વાર્ષિક મિલન – ૨૦૧૩

છેવાડાના ગામડાઓમાં સેવાઓ આપતી આ સંસ્થાના કાર્યની સમીક્ષા, આયોજન અને મુલ્યાંકન થાય તેમજ સંસ્થાના કાર્યકરોનો પરસ્પર સંપર્ક જળવાઈ રહે તે હેતુથી દર વર્ષે યોજાતા વાર્ષિક દિવસની ઉજવણી આ વર્ષે તા ૧૯ મે ૨૦૧૩ ના રોજ સંપન્ન થઈ.સંસ્થાના કારોબારી સભ્યો, સ્ટાફ, ભૂતપૂર્વ સ્ટાફ, સરકારી અધિકારીઓ તથા સંસ્થા સાથે જોડાયેલ અન્ય એજન્સીઓના પ્રતિનિધિઓ મળી કુલ ૯૨ પ્રતિનિધિઓએ જોડાયા. સંચાલકશ્રી મનોજભાઈ જોષીએ કાર્યક્રમનો પ્રારંભ ૧૦:૩૦ કલાકે રૂબરૂ ગૃપના નાના ભુલકાઓ દ્વારા દિપ પ્રાગટય કરી પ્રાર્થનાથી કર્યો હતો ત્યારબાદ સ્વાગત ગીત નૃત્ય સાથે રૂબરૂ ગૃપની બહેનોએ રજૂ કર્યુ. કારોબારી સભ્યશ્રી દિપાબેન ચૌહાણે પોતાના સ્વાગત ઉદબોધનમાં સૌને આવકાર્યા હતા.



પ્રાકથનમાં શ્રી ધીરૂભાઈએ આજના આ કાર્યક્રમનાં ઉદેશો સ્પષ્ટ કરી ઉપસ્થિત તમામ



મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કારોબારી સભ્યશ્રી ભરત વાળાએ સંસ્થાની કામગીરી અંગેની વિગતો રજૂ કરી હતી. જેમાં તેમણે સંસ્થાના કાર્યક્રમો, સંચાલન માળખું, ગત વર્ષની પ્રવૃતિઓ, સિધ્ધીઓ, જોડાણો, આગામી વર્ષ ૨૦૧૩–૧૪ નું વાર્ષિક આયોજન, મુશ્કેલીઓ જણાવી હતી.

ઉપરોકત વિગતો પર ખુલ્લા મંચમાં ચર્ચા ચલાવવા પ્રા. શ્રી તળાવીયાએ પેનલમાં શ્રી જી.એ.ટીલાવત, અરૂણાબેન, શોભીનીબેન, લીલીબેન તથા ડૉ. બુટાણીને જોડયા હતા. તેઓએ સારી નરસી બાબતો પરનું એક ઉદાહરણ રજુ કર્યુ હતું. જેના દ્વારા જણાવ્યુ હતુ કે નબળી વાત હંમેશા ભુસી નાખવા માટે હોય છે અને સારી વાત હંમેશા યાદ કરવા

માટે હોય છે. તો આપણે બધા સંસ્થા સાથેના સારા નરસા અનુભવોની નાની મોટી વાતો વિશે ચર્ચા કરીશું. જેમાં ઉપસ્થિત તમામ સાથીઓએ પોતાના વિચારો રજુ કર્યા હતા. જેના પર પેનલના મહાનુભાવોએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. જેમાં શોભીનીબેને જણાવ્યુ કે સંસ્થાને લીધે અમારી ઓળખ બની છે. ગમે તેવી તાલીમો યોજવાની થાય તો સંસ્થા તેમજ સ્ટાફ સહાયરૂપ બને છે. અરૂણાબેને કહયું હતુ કે તેઓ સરકારશ્રી સાથે સંકલન કરીને મહિલા અને બાળકોની યોજનાઓમાં મદદરૂપ બનશે. અવિરત કંપનીની સ્થાપના તથા તેને આગળ લઈ જવામાં સંસ્થાનુ ખુબ મોટુ યોગદાન છ તેમ શ્રી કનુભાઈ નસીતે જણાવ્યુ. સંસ્થા આટલી સરસ પ્રવૃતિઓ કરી રહી છે સંસ્થા પાસેનો મેન પાવર કોઈપણ કાર્યક્રમને સફળ બનાવવાની ક્ષમતા ધરાવે છે તેવો મત શ્રી ર્ડા. બુટાણીએ રજુ કર્યો. શ્રી જી.



એ. ટીલાવતએ ભુતકાળ વાગોળતા જણાવ્યુ કે વોટરશેડ અને રાત્રિ સભાઓનો હું સાક્ષી છુ.



સમાપન સત્રમાં સંસ્થાના ડાયરેકટરશ્રી ધીરૂભાઈ વાગડીયાએ જણાવ્યુ હતું કે કાર્યક્રમ સરસ રીતે યોજી શકયા, કાર્યકર્તાઓ સંસ્થાને મેનેજ કરતા હોય છે. બધા લોકોએ સંસ્થા અને અત્યારની ટીમની કામગીરીની પ્રસંશા કરી જે ટીમ માટે ગૌરવ લેવા જેવી વાત છે પરંતુ કયાંક નડેલી મુશ્કેલીઓ કે ટીમ દ્વારા કયાંક ક્ષતિઓ રહેવા પામી હોય તે પણ જાણ્યુ. સંસ્થાના જુના સાથીઓની કુશળતાઓને સંસ્થાના કાર્યોમાં જોડવા થયેલ નિર્દેશ ટીમને જૂના કાર્યકર્તાઓ સાથે વર્ષમાં સ્નેહ મિલન સિવાય પણ અવારનવાર મળવા ચોકકસપણે પ્રેરશે. છેલ્લે શેરીંગ કરવા બદલ તેમણે ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

**પૈસાથી માણસ મહાન નથી બનતો. માણસથી પૈસો બને છે.**

## વાર્ષિક મિલનમા રજુ થયેલ વિચારો

સંસ્થાની પ્રવૃતિઓ સાથે સક્રિય રહેવાથી મારી તંદુરસ્તી પણ જળવાઈ રહી છે. અવિરત કંપની દ્વારા ખેડૂતોને રૂા. ૭૫ લાખની સબસીડી અપાવી છે.

**ડાયાભાઈ પાટણવાડીયા**

સંસ્થાને એટલી સારી કામગીરી કરવા બદલ શુભેચ્છા પાઠવું છું.

**અશોકભાઈ મહેતા**

સંસ્થાએ ઘણા ઉતાર ચઢાવ જોયા છે પરંતુ ડગી નથી અને પૂર્વક પ્રગતિ કરી છે.

**વિજયા કુકવાવ**

સંસ્થા દ્વારા મને આગળ વધવાની તક મળી છે અને ખૂબ જ પ્રેરણા મળી છે.

**રેખાબેન ધદુક**

મારી કેપીસીટી બિલ્ડઅપ કરવામાં સંસ્થાનો મુખ્ય ફાળો છે. બોલવાની તથા રજુઆત કરવાની મારી આવડત આ સંસ્થાને આભારી છે.

**દિપા ચૌહાણ**

સંસ્થામાં જોડાયા પછી મારી પોતાની ખૂબ પ્રગતિ થઈ છે આત્મવિશ્વાસ વધ્યો છે.

**ચંદ્રિકા મહિડા**

સંસ્થાએ જીલ્લાના છેવાડાઓના ગામો પસંદ કરીને કાર્ય કર્યુ  અને ગામડાઓનો વિકાસ કર્યો છે.

**મનુભાઈ મકવાણા**

સંસ્થાના ૧૫ માં વાર્ષિક સમારોહમાં હાજરી આપી રહયો છું. અત્રે ઉપસ્થિત અનુભવીઓને વિનંતી કે સંસ્થાએ અને ટીમે તૈયાર કરેલ આયોજન પર માર્ગદર્શન અને સૂચનો આપશો.

**અશોકભાઈ શેલાર**

સંસ્થા જૂના કાર્યકર્તાઓ અને સંસ્થા સાથે જોડાયેલ વ્યકિતઓનો આવડત અને જ્ઞાનનો ઉપયોગ કરી શકી નથી.

**વિપુલ શેલડીયા**

હાલમાં મારી રોજી સંસ્થાના રીસોર્સ સેન્ટરના કારણે ચાલી રહી છે. વટવૃક્ષના રૂપમાં જે છત્ર છાયા તૈયાર થઈ છે તેને આગળ ધપાવવી ગામડાઓમાં માઈક્રો પ્લાનીંગની ખૂબ જ જરૂરિયાત છે. તે વાતને ધ્યાનમાં રાખીને આગળ વધવું.

**અમીત દવે**

સંસ્થામાં જોડાવાથી પોલીસ સાથે કાર્ય કરવાની તક મળી છે અને પોલીસ સ્ટેશનમાં સારી ઓળખ ઉભી કરી શકયા છીએ.

**પારુલ મહિડા/પ્રતિભા મારુ**

***શુદ્ધ હૃદય તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ અને પવિત્ર વસ્તુઓમાં અતિ પવિત્ર વસ્તુ છે.***

**સાટા પધ્ધતિથી થતા લગ્ન.... એક સામાજીક દૂષણ**

નયનાબેનના લગ્ન આશરે ત્રણ વર્ષ પહેલા નિલેષભાઈ સાથે જ્ઞાતિના રિવાજ મુજબ થયા. નલેષભાઈની સંગત ખરાબ મિત્રો સાથે હોવાથી વારંવાર પતિ–પત્નિ વચ્ચે નાની મોટી બાબતોમાં ઝગડાઓ થતા રહેતા પરંતુ કુંટુબની સમજાવટથી સમાધાન થતુ. વારંવાર તેમના સબંધોમાં કડવાશ ઉભી થતી અને ઝઘડાઓનું સ્વરૂપ બહોળું બની જતુ. અંતે નયનાબેન કંટાળીને તા.૧૮/૪/૧૩ ના રોજ ભાઈને સાથે લઈ મહિલા પોલીસ સ્ટેશનમાં આવ્યા. મહિલા અને બાળ સહાયતા કેન્દ્રના સામાજીક કાર્યકર સાથે વાતચીત થતા નયનાબેન પોતાના પતિ દ્વારા થયેલ અત્યાચારો વિશે વાત કરી, તે સમયે તેના પિતા અને ભાઈ કહેવા લાગ્યા કે હવે તારે ત્યાં એમના ઘરે જવાની જરૂર નથી અમે તારા છુટાછેડા કરાવી અને સારા ઠેકાણે ફરીવાર લગ્ન કરાવી આપીશું તું જરાય ચિંતા ન કરતી આવી વાત થતા કાઉન્સલરો દ્વારા બન્ને ને સમજાવવામાં આવ્યા કે, જો બેન જવા માંગતી હોય તો તેમના પતિને બોલાવી સમજાવી અને ભવિષ્યમાં બેનને કોઈ ત્રાસ ન આપે તેવું નિવેદન લેવામા આવશે. સમાધાન માટે બંને પક્ષકારોને સંસ્થામાં બોલાવવામાં આવ્યા અને તેમનું કાઉન્સીલીંગ કરવામાં આવ્યુ તે સમય દરમિયાન એવું જાણવા મળ્યું કે બેન જવા માંગે છે. પરંતુ તેમના પિતા અને ભાઈના દબાણને વશ થઈ તેના પતિ સાથે જઈ શકતી નથી. તેમના પતિ બધી જ બાહેધંરી આપવા તૈયાર છે છતાં નયનાબેન એક જ વાતનું રટણ લઈને બેઠા છે કે મારે ત્યાં જવું નથી. પક્ષકારો સાથે વાતચીત બાદ ફરી એકવાર વિચારી દસ–પંદર દિવસે એક બેઠક રાખવામાં આવી. તપાસકર્તા કાઉન્સલરને જાણવા મળ્યુ કે નયનાબેનનો એક ભાઈ હજુ કુંવારો છે તેના લગ્ન કયાંય થતાં નથી આથી જો નયનાબેનના છુટાછેડા થાય તો બન્નેનું સામ સામે ગોઠવી લગ્ન થઈ શકે તેમ છે. આ બાબતને ધ્યાને લઈ નયનાબેન ઉપર છુટાછેડાનુ દબાણ તેમના જ પિતા લાવી રહયા છે. અને તેમના પતિ સાથે જવા દેવાની સમંતિ નથી આપતા. બેન કોઈ નિર્ણય નથી લઈ શકતા. બંને પક્ષથી પોતે વધારે ને વધારે માનસિક રીતે પીડાય છે. જો પિતા સાથે જાયતો તેમના પતિને છોડવા પડે અને પતિ પાસે જાયતો સદાને માટે પિતાના ઘરને અને સંબંધને તોડવા પડે.

ઉપરોકત કિસ્સાને જોતા ખ્યાલ આવે છે કે સ્ત્રી પોતે દિલથી ઈચ્છે કે તે પોતાના પતિ સાથે રહે પરંતુ સમાજમાં સાટા પધ્ધતિથી થતા લગ્નનુ વધતુ ચલણ આ માટે જવાબદાર છે. સાટા પધ્ધતિથી થતા લગ્ન એ સામાજીક દૂષણ છે. સાટા પધ્ધતિથી એક નહિ પણ ચાર જીંદગીઓને અસર થાય છે.

**– ટપક ટીમ**

**બીજા પ્રત્યે ઉદાર અને પોતાના પ્રત્યે ઉદાસીન થવું તે જ સાચું માનવજીવન**

## Happy birthday

| | | |
|---|---|---|
| 1 | Arjanbhai Solanki | 18-06-1986 |
| 2 | Artiben Nasit | 01-06-1976 |
| 3 | Ashokbhai Shelar | 05-06-1975 |
| 4 | Bharatbhai Rathod | 06-06-1985 |
| 5 | Bhartiben Patel | 01-06-1968 |
| 6 | Dhirubhai Dodiya | 01-06-1976 |
| 7 | Dipakbhai Kapadiya | 18-06-1979 |
| 8 | Jagruti Upadhyay | 13-06-1979 |
| 9 | Jyotiben Van | 07-06-1992 |
| 10 | Mahendra Ram | 01-06-1990 |
| 11 | Manjuben Makvana | 01-06-1973 |
| 12 | Naranbhai Baku | 01-06-1989 |
| 13 | Nileshbhai Masrani | 10-06-1978 |
| 14 | Poojaben R.Raichura | 12-06-1985 |
| 15 | Puriben Zala | 01-06-1991 |
| 16 | Raysing Dodiya | 01-06-1964 |
| 17 | Rajeshbhai Joshi | 10-06-1986 |
| 18 | Ramjibhai Baraiya | 01-06-1981 |
| 19 | Rekhaben Dhaduk | 01-06-1970 |
| 20 | Rinaben Kondhiya | 23-06-1983 |
| 21 | Sajit Rathod | 01-06-1987 |
| 22 | Sonalben Borisagar | 25-06-1981 |
| 23 | Sureshbhai Gohil | 01-06-1962 |
| 24 | Tahmina Afrikavala | 12-06-1981 |
| 25 | Vijyaben Kukvav | 01-06-1962 |
| 26 | Vimlaben Bana | 01-06-1965 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જીવનનાં અધંકારમાં પ્રકાશ રેલાવે–તે છે શિક્ષણ.**